## પુરુષોની FIH પ્રો લીગ હોકીમાં ભારતે આયર્લેન્ડને 3-1થી હરાવ્યું

ભુવનેશ્વર, તા. 21 (પીટીઆઈ) : ભારતીય પુરુષ હોકી ટીમે આજે શુક્રવારે અહીં એફઆઈએચ પ્રો લીગમાં એક ગોલથી પાછળ રહ્યા પછી મેચમાં વાપસી કરીને આયર્લેન્ડને 3-1થી હરાવ્યું હતું. આઠમી મિનિટમાં આયર્લેન્ડે જેરેમી ડંકને ફિલ્ડ લ કરીને સરસાઇ અપાવી હતી. પરંતુ ભારતીય ટીમે તે પછી 22મી મિનિટેમનદીપ સિંહ દ્વારા ફિલ્ડ ગોલથી જોરદાર વાપસી કરી હતી. ત્યારબાદ જર્મનપ્રીત સિંહે 45મી અને સુખજીત સિંહે 58મી મિનિટે પેનલ્ટી કોર્નરને ગોલમાં ફેરવીને ભારતને જીત અપાવી હતી.

## FIH પ્રો લીગ : ભારતીય મહિલા ટીમ જર્મની સામે 0-4 થી હારી

ભુવનેશ્વર, તા. 21 : એફઆઈએચ પ્રો લીગમાં ભારતીય મહિલા હોકી ટીમનું નિરાશાજનક પ્રદર્શન આજે શુક્રવારે પણ ચાલુ રહ્યું હતું અને તેઓ જર્મની સામે 0-4 થી હારી ગયા હતા. શરૂઆતથી અંત સુધી જર્મનોએ મેચ પર નિયંત્રણ રાખ્યું હતું. જર્મની માટે એમિલી વોર્ટમેને ત્રીજી અને સોફિયા શ્વાબે 18મી, 47મી મિનિટે એમ ત્રણ ફિલ્ડ ગોલ કર્યા હતા. ત્યારબાદ 59મી મિનિટે જોહાન હેચેનબર્ગે પેનલ્ટી કોર્નરને ગોલમાં રૂપાંતરિત કર્યો હતો. મેચમાં જર્મન ટીમને 10 પેનલ્ટી કોર્નર જ્યારે ભારતને ફક્ત બે પેનલ્ટી કોર્નર મળ્યા હતા.

# રિકલટનની સદી, બોલરોની ઉમદા બોલિંગથી દક્ષિણ આફ્રિકાએ અફઘાનિસ્તાનને હરાવ્યું

**રિકલટનની** સદી ઉપરાંત બવુમા, વાન ડેર ડુસેન અને માર્કરમની અર્ધસદીઓથી આફ્રિકાએ છ વિકેટે 315 રન બનાવ્યા

**રહમત** શાહે 90 રનની ઇનિંગ રમી પણ અન્ય બેટરો નિષ્ફળ રહેતા અફઘાનિસ્તાન 208 રને ઓલઆઉટ થયું



કરાચી, તા. 21 (પીટીઆઈ) : ચેમ્પિયન્સ ટ્રોફીમાં આજે શુક્રવારે અહીં રમાયેલી ગ્રુપ બીની એક મેચમાં ઓપનર રાયન રિક્લટનની પ્રથમ વનડે સદી અને અન્ય ત્રણ બેટ્સમેનોની અડધી સદીની મદદથી દક્ષિણ આફ્રિકાએ છ વિકેટે 315 રન બનાવીને મૂકેલા 316 રનના લક્ષ્યાંક સામે રહમત શાહની 90 રનની ઈનિંગ છતાં અફઘાનિસ્તાન 208 રનમાં ઓલઆઉટ થતાં દક્ષિણ આફ્રિકાએ 107 રને જીત મેળવીને પોતાના અભિયાનનો વિજયી પ્રારંભ કર્યો હતો.

અફઘાનિસ્તાન માટે, રહેમત શાહે અંત સુધી લડત આપીને છેલ્લો આઉટ થનારો બેટ્સમેન બન્યો હતો. પરંતુ તેને બીજા છેડેથી કોઈ બેટ્સમેનનો સાથ મળ્યો નહીં. દક્ષિણ આફ્રિકા તરફથી રબાડાએ ત્રણ જ્યારે એન્ગીડી અને વિઆન મુલ્ડરે બે-બે અને માર્કો યાન્સન અને કેશવ મહારાજે એક-એક વિકેટ લીધી હતી.

દક્ષિણ આફ્રિકાએ ટોસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય કર્યા પછી રિક્લેટને આક્રમક બેટિંગ કરીને 106 બોલનો સામનો કરી સાત ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી 103 રન કરવા ઉપરાંત તેણે 58 રન કરનારા કેપ્ટન ટેમ્બા બાવુમા સાથે બીજી વિકેટ માટે 129 રનની ભાગીદારી કરી હતી. આ ઉપરાંત, રાસી વાન ડેર ડુસેને 52 અને એડન માર્કરમે નોટઆઉટ 52 રન કરીને ટીમને મોટા સ્કોર સુધી પહોંચાડી હતી. મેદાન અફઘાનિસ્તાનના સમર્થકોથી ભરેલું હતું પણ અફઘાનિસ્તાનના બોલરો તેમની પ્રતિષ્ઠા અનુસાર બોલિંગ કરી શક્યા નહોતા. રાશિદ ખાને 10 ઓવરમાં 59 રન આપ્યા પણ વિકેટ મેળવી શક્યો નહોતો. ટીમ માટે અનુભવી સ્પિનર મહંમદ નબીએ 51 રન આપીને બે વિકેટ લીધી જ્યારે ફઝલહક ફારૂકી, અઝમતુલ્લાહ ઓમરઝાઈ અને નૂર અહેમદને એક-એક વિકેટ મળી હતી.

| દક્ષિણ આફ્રિકા | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| રિકલટન રનઆઉટ | 103 | 106 | 7 | 1 |
| ડિ ઝોર્ઝી કો.ઓમરઝઇ બો.નબી | 11 | 11 | 2 | 0 |
| બવુમા કો.અટલ બો.નબી | 58 | 76 | 5 | 0 |
| ડુસેન કો.શાહિદી બો.નૂર | 52 | 46 | 3 | 2 |
| માર્કરમ નોટઆઉટ | 52 | 36 | 6 | 1 |
| મિલર કો.રહમત બો.ફારૂકી | 14 | 18 | 1 | 0 |
| યાન્સેન બો.ઓમરઝઇ | 0 | 1 | 0 | 0 |
| મુલ્ડર નોટઆઉટ | 12 | 6 | 1 | 1 |
| વધારાના | 13 | | | |
| કુલ (50 ઓવરમાં છ વિકેટે) | 315 | | | |

**વિકેટપતન :** 1/28, 2/157, 3/201, 4/248, 5/298, 6/299

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| ફઝલહક ફારૂકી | 8 | 0 | 59 | 1 |
| અઝમતૂલ્લા ઓમરઝઇ | 6 | 0 | 39 | 1 |
| મહંમદ નબી | 10 | 0 | 51 | 2 |
| રાશિદ ખાન | 10 | 0 | 59 | 0 |
| ગુલબદીન નૈબ | 7 | 0 | 42 | 0 |
| નૂર અહેમદ | 9 | 0 | 65 | 1 |

| અફઘાનિસ્તાન | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| ગુરબાઝ કો.મહારાજ બો.એન્ગીડી | 10 | 14 | 1 | 0 |
| ઇબ્રાહિમ બો.રબાડા | 17 | 29 | 1 | 1 |
| અટલ રનઆઉટ | 16 | 32 | 2 | 0 |
| રહમત કો.રિકલટન બો.રબાડા | 90 | 92 | 9 | 1 |
| શાહિદી કો.બવુમા બો.મુલ્ડર | 0 | 4 | 0 | 0 |
| ઓમરઝઇ કો.રિકલટન બો.રબાડા | 18 | 27 | 3 | 0 |
| નબી કો.રબાડા બો.યાન્સેન | 8 | 17 | 0 | 0 |
| ગુલબદીન કો.બવુમા બો.એન્ગીડી | 13 | 19 | 2 | 0 |
| રાશિદ કો.માર્કરમ બો.મહારાજ | 18 | 13 | 3 | 1 |
| નૂર બો.મુલ્ડર | 9 | 15 | 1 | 0 |
| ફારૂકી નોટઆઉટ | 0 | 0 | 0 | 0 |
| વધારાના | 9 | | | |
| કુલ (43.3 ઓવરમાં ઓલઆઉટ) | 208 | | | |

**વિકેટપતન :** 1/16, 2/38, 3/50, 4/50, 5/89, 6/120, 7/142, 8/169, 9/208, 10/208

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| માર્કો યાન્સેન | 8 | 1 | 32 | 1 |
| લુંગી એન્ગીડી | 8 | 0 | 56 | 2 |
| કગિસો રબાડા | 8.3 | 1 | 36 | 3 |
| વિઆન મુલ્ડર | 9 | 0 | 36 | 2 |
| કેશવ મહારાજ | 10 | 0 | 46 | 1 |

# હેલ્મેટને કારણે મળેલી બે રનની સરસાઇથી કેરળ 68 વર્ષે પહેલીવાર રણજી ફાઇનલમાં

**ગુજરાત** આઠ વર્ષે ત્રીજીવાર ફાઇનલમાં પ્રવેશવાથી માત્ર બે રન છેટું રહ્યું, મુંબઈને હરાવીને વિદર્ભ ચોથી વખત રણજી ફાઇનલમાં

**નાગવસવાલાનો** શોટ શોર્ટ લેગ ફિલ્ડરના હેલ્મેટમાં અથડાઇને સ્લીપમાં કેચ તરીકે ઝડપાતા ગુજરાતની ઇનિંગનો અંત થયો



અમદાવાદ, તા. 21 : રણજી ટ્રોફીની સેમિફાઇનલમાં આજે શુક્રવારે એક હેલ્મેટને કારણે ગુજરાત સામે મળેલી બે રનની સરસાઇથી કેરળ તેની પહેલી રણજી ટ્રોફી ફાઇનલમાં પ્રવેશ્યું હતું.

ભારતીય ક્રિકેટની પ્રીમિયર ડોમેસ્ટિક સ્પર્ધામાં પદાર્પણ કર્યા પછી 68 વર્ષ પછી કેરળ પહેલી વાર ફાઇનલમાં પહોંચ્યું છે. કેરળ છેલ્લે 1957માં રણજી ડેબ્યૂ કર્યા બાદ 2018-19માં સેમિફાઇનલમાં પહોંચ્યું હતું. હવે ફાઇનલમાં, કેરળનો મુકાબલો વિદર્ભ સામે થશે, જેણે બીજી સેમિફાઇનલમાં મુંબઈને 80 રનથી હરાવીને ચોથીવાર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો.

ગુજરાતને અંતિમ દિવસે પ્રથમ ઇનિંગની લીડ મેળવવા માટે ફક્ત 29 રનની જરૂર હતી પણ ટીમે 26 રનના ઉમેરામાં પોતાની બાકીની ત્રણ વિકેટ ગુમાવી દીધી હતી. ડાબોડી સ્પિનર આદિત્ય સરવટેએ દબાણ હેઠળ સારું પ્રદર્શન કરીને ત્રણેય વિકેટો લઈને ગુજરાતને 455 રને ઓલઆઉટ કર્યું હતું. તેમાં સૌથી વધુ રસપ્રદ અંતિમ વિકેટ રહી હતી.

ગુજરાત માત્ર ત્રણ રન પાછળ હતું ત્યારે અરઝાન નાગવાસવાલાએ જોરદાર શોટ ફટકાર્યો હતો અને બોલ ફોરવર્ડ શોર્ટ લેગ પર ફિલ્ડિંગ કરી રહેલા સલમાન નિઝારના હેલ્મેટ પર વાગીને સ્લીપ તરફ ગયો જ્યાં સચિન બેબી કેચ ઝડપી લેતા કેરળના ખેલાડીઓ ઉજવણી કરવા માંડી હતી. નાગવાસવાલા અને ગુજરાતનું ડગઆઉટ થોડા સમય માટે અનિશ્ચિત જણાતા હતા. અમ્પાયરે પણ તરત જ આંગળી ઉંચી કરી નહીં; આખરે રિપ્લે જોઇને તેને આઉટ આપવામાં આવ્યો હતો.

મુંબઇ સામેની મેચમાં પુણેના 22 વર્ષીય સ્પિનર દુબેએ 127 રન આપીને પાંચ વિકેટ લેતા 406 રનના લક્ષ્યાંકનો પીછો કરતી મુંબઈની ટીમ 325 રનમાં ઓલઆઉટ થઈ ગઈ. આ રીતે, વિદર્ભે ગયા વર્ષે મુંબઈ સામે ફાઇનલમાં મળેલી હારનો બદલો લીધો હતો.

# આજે આઉટ ઓફ ફોર્મ ઇંગ્લેન્ડનો મુકાબલો સ્ટાર વગરની ઓસ્ટ્રેલિયા સાથે

**ઓસ્ટ્રેલિયાની** ઝડપી બોલિંગ ત્રિપુટી કમિન્સ, સ્ટાર્ક, હેઝલવુડની ગેરહાજરીમાં યુવા બોલરો પર મોટી જવાબદારી

**બપોરે** 2.30થી શરૂ થનારી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયોહોટસ્ટાર પર



લાહોર, તા. 21 (પીટીઆઈ) : ચેમ્પિયન્સ ટ્રોફીની આવતીકાલે શનિવારે પોતાની પહેલી મેચમાં આઉટ ઓફ ફોર્મ ઇંગ્લેન્ડનો સામનો ઈજાઓને કારણે મુખ્ય ખેલાડીઓ વિના રમી રહેલાએશિઝ સીરિઝના તેમના હરીફ ઓસ્ટ્રેલિયા સામે થશે. બંને ટીમો વન-ડે ફોર્મેટમાં સંઘર્ષ કરતી જોવા મળી રહી છે. વિશ્વ ચેમ્પિયન ઓસ્ટ્રેલિયાને છેલ્લી બે સીરિઝમાં શ્રીલંકા સામે 0-2 અને પાકિસ્તાન સામે 1-2થી હારનો સામનો કરવો પડ્યો હતો. બીજી તરફ, કોચ બ્રેન્ડન મેક્કુલમની ઈંગ્લેન્ડ ટીમ 2023ના વર્લ્ડકપમાં ખરાબ પ્રદર્શન બાદથી કોઈ વન ડે સીરિઝ જીતી શકી નથી. જોસ બટલરના નેતૃત્વ હેઠળની ટીમનો ભારતે 3-0થી પરાજય થયો હતો.

ઓસ્ટ્રેલિયાએ બંને ટીમો વચ્ચે પાંચ મેચની વન ડે સીરિઝ છેલ્લે સપ્ટેમ્બર 2024માં 3-2થી જીતી હતી. જોકે, ત્યારથી, પાંચ મુખ્ય ઓસ્ટ્રેલિયાઈ ખેલાડીઓ ઈજાના કારણે ટીમની બહાર છે. તેના ઝડપી બોલરો પેટ કમિન્સ, જોશ હેઝલવુડ અને મિચેલ સ્ટાર્કની ત્રિપુટી ઈજાને કારણે ચેમ્પિયન્સ ટ્રોફીમાં નથી. આ ઉપરાંત ઓલરાઉન્ડર મિચેલ માર્શ અને કેમેરન ગ્રીન ઈજાને કારણે તેમજ માર્કસ સ્ટોઈનિસ અચાનક નિવૃત્તિ લેવાના કારણે બહાર છે. આવી સ્થિતિમાં, એ જોવાનું રહે છે કે કાર્યકારી કેપ્ટન સ્ટીવ સ્મિથના નેતૃત્વ હેઠળની ઓસ્ટ્રેલિયન ટીમ આ મિની વર્લ્ડકપમાં ભૂતકાળની સફળતાનું પુનરાવર્તન કરી શકશે કે નહીં.

# ગિલની સદીએ પાકિસ્તાન અને ન્યુઝીલેન્ડની મેચ પહેલા ભારતનો આત્મવિશ્વાસ વધાર્યો

**ઈંગ્લેન્ડ** સામેની સીરિઝમાં શાનદાર પ્રદર્શન પછી ગીલે ધીમી પીચને સમજીને રમેલી ઇનિંગ વધુ મહત્વપૂર્ણ



બેંગલુરુ, તા. 21 (પીટીઆઇ) : શુભમન ગિલ આજકાલ વન-ડે ક્રિકેટનો 'રન મશીન' સાબિત થઈ રહ્યો છે અને તેને કોઈ ફરક પડતો નથી કે મેચ ક્યાં રમાઈ રહી છે અથવા વિરોધી ટીમ કોણ છે. ઈંગ્લેન્ડ સામેની ઘરઆંગણેની સીરિઝમાં શાનદાર પ્રદર્શન કર્યા પછી, દુબઈમાં ચેમ્પિયન્સ ટ્રોફીમાં બાંગ્લાદેશ સામે ભારતની પહેલી મેચમાં તેની સામેનો પડકાર અલગ હતો.

પિચ ધીમી હતી અને બોલરો સતત બેટ્સમેનોમાં ખામીઓ શોધી રહ્યા હતા. આમ છતાં, ગિલે તેની આઠમી વન ડે સદી ફટકારીને ભારતને છ વિકેટથી વિજય અપાવ્યો હતો. તેણે 125 બોલમાં પોતાની સદી પૂરી કરી જે તેની સૌથી ધીમી સદી છે પણ કદાચ તેની કારકિર્દીની સૌથી મહત્વપૂર્ણ સદી છે. વર્ષોથી ભારતીય બેટિંગ લાઇન-અપનો મુખ્ય આધાર રહેલા રોહિત શર્મા અને વિરાટ કોહલીની કારકિર્દીના છેલ્લા તબક્કામાં ગિલનું ફોર્મ ભારતીય ટીમ માટે સારા સંકેત છે. ભારતને પાકિસ્તાન અને ન્યુઝીલેન્ડ સામેની આગામી મેચોમાં પણ તેના જેવા જ પ્રદર્શનની જરૂર પડશે. તેણે સ્પિનરો અને ઝડપી બોલર મુસ્તફિઝુર રહેમાનને સરળતાથી રમ્યા અને આ સમયગાળા દરમિયાન 52 બોલમાં ફક્ત 30 રન બનાવ્યા, પરંતુ તે સમયે વિકેટ બચાવીને રમવું વધુ મહત્વનું હતું. ગિલે પાછળથી હોસ્ટ બ્રોડકાસ્ટરને કહ્યું હતું કે તે મારી કારકિર્દીની સૌથી સંતોષકારક ઈનિંગ્સમાંની એક હતી.

## ભારત પાસે પાકિસ્તાન કરતાં ઘણાં વધુ મેચ-વિનર છે : શાહિદ આફ્રિદી

દુબઈ, તા. 21 : પાકિસ્તાનનો માજી અનુભવી ઓલરાઉન્ડર શાહિદ આફ્રિદી માને છે કે ભારત સ્પષ્ટપણે સૌથી મજબૂત ટીમ છે કારણ કે તેમની પાસે તેના કટ્ટર હરીફો કરતા ઘણા વધુ મેચ વિજેતાઓ છે અને તેથી આગામી ચેમ્પિયન્સ ટ્રોફીના મોટા મુકાબલામાં વસ્તુઓનો અંત લાવવા માટે સામૂહિક પ્રયાસ શ્રેષ્ઠ માર્ગ હશે. પાકિસ્તાન પહેલી મેચમાં ન્યૂઝીલેન્ડ સામે હારીને જ્યારે ભારતે ગુરુવારે બાંગ્લાદેશ સામે છ વિકેટથી જીતીને રવિવારની હાઇ-વોલ્ટેજ મુકાબલામાં પ્રવેશ કર્યો છે. પાકિસ્તાનના ભૂતપૂર્વ કેપ્ટન આફ્રિદીએ જિયો હોટસ્ટારના 'ગ્રેટેસ્ટ રિવેલરી રિટર્ન્સ' એપિસોડમાં કહ્યું હતું કે જો આપણે મેચ વિનર્સ વિશે વાત કરીએ, તો હું કહીશ કે ભારતમાં પાકિસ્તાન કરતા વધુ મેચ વિનર્સ છે. અત્યારે પાકિસ્તાનમાં આવા ખેલાડીઓ નથી.

## ભારત સામેની મેચને લઈને અમારા પર કોઈ દબાણ નથી : હારિસ રઉફ

દુબઈ, તા. 21 (પીટીઆઇ) : ભારત અને પાકિસ્તાન વચ્ચે રવિવારે રમાનારી ચેમ્પિયન્સ ટ્રોફી મેચને લઈને ભારે તણાવ છતાં, પાકિસ્તાની ઝડપી બોલર હરિસ રઉફ કહે છે કે તેઓ રોહિત શર્માની આગેવાની હેઠળની ટીમ સામેની મેચને અન્ય કોઈપણ મેચની જેમ જ ગણશે અને ટાઇટલની રેસમાં ટકી રહેવા માટે જીતનું લક્ષ્ય રાખશે. રઉફે કહ્યું હતું કે ભારત સામેની મેચમાં કોઈ દબાણ નથી, બધા ખેલાડીઓ હળવા છે અને અમે તેને અન્ય કોઈપણ મેચની જેમ લઈશું. અમે દુબઈમાં ભારતને બે વાર હરાવ્યું છે, તેથી અમે અહીંની પરિસ્થિતિઓને સારી રીતે જાણીએ છીએ. અમારી આખી યોજના મેચના દિવસની પરિસ્થિતિઓ અને પિચ પર આધારિત રહેશે. કરાચીમાં ઓપનર મેચમાં ન્યુઝીલેન્ડ સામે હાર્યા બાદ, પાકિસ્તાનને આઠ ટીમોની ટુર્નામેન્ટના નોકઆઉટ તબક્કામાં પ્રવેશ મેળવવા માટે ભારતને હરાવવાની જરૂર છે.

# WPL : રોમાંચક મેચમાં મુંબઇ ઇન્ડિયન્સે અંતિમ ઓવરમાં RCBને હરાવ્યું



**અંતિમ** ઓવરમાં છ રન કરવાના આવ્યા ત્યારે 16 વર્ષિય કમલિનીએ પાંચમા બોલે ચોગ્ગો ફટકારી મુંબઇને જીતાડ્યું

બેંગલુરુ, તા. 21 : મહિલા પ્રીમિયર લીગ (ડબલ્યુપીએલ)માં આજે શુક્રવારે અહીં રમાયેલી એક મેચમાં એલિસ પેરીની શાનદાર અડધી સદીની મદદથી રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (આરસીબી)એ સાત વિકેટે 167 રન બનાવીને મૂકેલા 168 રનના લક્ષ્યાંકને મુંબઈ ઈન્ડિયન્સે કેપ્ટન હરમનપ્રીત કૌરની અર્ધસદી અને નેટ સ્કીવર બ્રન્ટના 42 રન તેમજ અમનજોત કૌરના નોટઆઉટ 34 રનની મદદથી છ વિકેટે કબજે કરીને મેચ ચાર વિકેટે જીતી હતી.

82 રનમાં ચાર વિકેટ ગુમાવ્યા પછી હરમનપ્રીત કૌર અને અમનજોત કૌરે મળીને કરેલી 62 રનની ભાગીદારી કરીને ટીમને જીત સુધી લઈ ગયા હતા. 18મી ઓવરમાં જ્યોર્જીયા વેરહામે બે વિકેટ ખેરવતા મેચ રોમાંચક બની હતી. 19મી ઓવરમાં 16 રન કરતા અંતિમ ઓવરમાં છ રન કરવાના આવ્યા હતા અને સ્ટ્રાઈક પર 16 વર્ષિય કમલિની હતી. જેણે પાંચમા બોલે ચોગ્ગો ફટકારીને ટીમને જીતાડી હતી. આ પહેલા ટોસ હારીને પહેલા બેટિંગ કરવા ઉતરેલા આરસીબીએ 57 રનમાં ચાર વિકેટ ગુમાવી દીધી હતી. જો કે પેરીએ માત્ર 43 બોલમાં 11 ચોગ્ગા અને બે છગ્ગાની મદદથી 81 રન બનાવીને ટીમને સારા સ્કોર સુધી પહોંચાડી દીધી.

# 18 મહિનાથી અલગ રહેતા યુઝવેન્દ્ર ચહલ અને ધનશ્રી વર્માના આખરે છૂટાછેડા થયા

**બાંદ્રા** ફેમિલી કોર્ટમાં છૂટાછેડાની કાનૂની કાર્યવાહી પૂર્ણ થઇ

**ચહલ** અને ધનશ્રી બંનેએ પરસ્પર સંમતિથી છૂટાછેડા લઇ રહ્યા હોવાની ન્યાયધીશ સમક્ષ પુષ્ટિ કરી



મુંબઇ, તા. 21 : છેલ્લા 18 મહિનાથી અલગ રહેતા ભારતીય ક્રિકેટર યુઝવેન્દ્ર ચહલ અને તેની પત્ની ધનશ્રી વર્માના છૂટાછેડા થઇ ગયા છે અને કાનૂની કાર્યવાહી પૂર્ણ કર્યા પછી, આ દંપતી હવે સત્તાવાર રીતે અલગ થઇ ગયું છે. જોકે, બંને પક્ષો તરફથી હજુ સુધી સત્તાવાર રીતે કંઇ કહેવામાં આવ્યું નથી. બંનેએ બાંદ્રા ફેમિલી કોર્ટમાં છૂટાછેડાની બધી કાનૂની કાર્યવાહી પૂર્ણ કરી હતી અને આ સમયગાળા દરમિયાન બંને ઉપલબ્ધ હતા.

અહેવાલો અનુસાર દંપતીએ છૂટાછેડા માટે બધી જરૂરી ઔપચારિકતાઓ પૂર્ણ કરી લીધી છે. સુનાવણી દરમિયાન, ન્યાયાધીશે દંપતીને કાઉન્સેલિંગ સત્રમાંથી પસાર થવાનો નિર્દેશ આપ્યો, જે લગભગ 45 મિનિટ સુધી ચાલ્યું હતું. ન્યાયાધીશે પૂછ્યું ત્યારે, ચહલ અને ધનશ્રી બંનેએ પુષ્ટિ આપી કે તેઓ પરસ્પર સંમતિથી છૂટાછેડા લઇ રહ્યા છે.

રિપોર્ટ અનુસાર, બીજા એક પ્રશ્નના જવાબમાં, બંનેએ કહ્યું કે તેઓ છેલ્લા 18 મહિનાથી અલગ રહે છે. જ્યારે ચહલ અને ધનશ્રીને તેમના અલગ થવાનું કારણ પૂછવામાં આવ્યું ત્યારે તેમણે અનુકુળતાને મુખ્ય કારણ ગણાવ્યું હતું. ગુરુવારે સાંજે 4:30 વાગ્યે બાંદ્રા ફેમિલી કોર્ટમાં બંનેની અરજી પર નિર્ણય સંભળાવવામાં આવ્યો હતો.

## રૂ. 60 કરોડનું ભરણપોષણ મળ્યાની વાત ધનશ્રીના પરિવાર અને વકીલે બોગસ ગણાવી

ધનશ્રી વર્માની વકીલ અદિતિ મોહાનીએ 60 કરોડ રૂપિયાના ભરણપોષણના સમાચારને ખોટા ગણાવ્યા હતા. ૬૦ કરોડના ભરણપોષણના સમાચાર બહાર આવ્યા બાદ સોશિયલ મીડિયા પર લોકો ગુસ્સે ભરાયા હતા અને તેઓ ધનશ્રી વર્માને 'તકવાદી' અને 'ગોલ્ડ ડીગર' કહીને ખૂબ જ ટ્રોલ કરી હતી. ધનશ્રીના પરિવારના એક સભ્યએ કહ્યું હતું કે ભરણપોષણ અંગે ફેલાવવામાં આવી રહેલા ખોટા સમાચારથી અમે ખૂબ જ દુ:ખી છીએ.

# ભારતના માજી કેપ્ટન સૌરવ ગાંગુલીના કાફલાને અકસ્માત, કોઈને ઈજા નહીં

**અચાનક** આવેલી ટ્રકથી ગાંગુલીની કારના ડ્રાઇવરે બ્રેક મારતા કાફલામાં પાછળ આવતા વાહનો એકબીજા સાથે અથડાયા

કોલકાતા, તા. 21 (પીટીઆઇ) : ભારતીય ક્રિકેટ ટીમના માજી કેપ્ટન સૌરવ ગાંગુલીનો કાફલો પશ્ચિમ બંગાળના પૂર્વ બર્દવાન જિલ્લામાં અકસ્માતનો ભોગ બન્યો હતો, પરંતુ કોઈને ઈજા થઈ નહોતી.

પોલીસે જણાવ્યું હતું કે ગુરુવારે દુર્ગાપુર એક્સપ્રેસ વે પર આ અકસ્માત થયો હતો જ્યારે ગાંગુલી એક કારમાં મુસાફરી કરી રહ્યા હતા અને એક ઝડપી ટ્રકે તેમને ઓવરટેક કરી હતી. એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે ટ્રક અચાનક આવવાને કારણે, ગાંગુલીની કારના ડ્રાઈવરે અચાનક બ્રેક લગાવવી પડી, જેના કારણે તેની પાછળ આવી રહેલા તેના કાફલાના વાહનો એકબીજા સાથે અથડાઈ ગયા હતા. તેમણે કહ્યું હતું કે એક વાહને ગાંગુલીની કારને પણ ટક્કર મારી હતી. બે વાહનોને સામાન્ય નુકસાન થયું છે.

# ભારત 2030માં કોમનવેલ્થ ગેમ્સનું આયોજન કરવા ઇચ્છુક

**2026ની** CWGમાંથી બાકાત કરાયેલી રમતોનો પણ 2030ની CWGમાં સામેલ કરવાનો પ્રસ્તાવ પણ ભારતે મૂક્યો

નવી દિલ્હી, તા. 21 (પીટીઆઈ) : રમત મંત્રાલયના સૂત્રોએ આ માહિતી આપી હતી કે ભારત 2030 કોમનવેલ્થ ગેમ્સનું આયોજન કરવા આતુર છે અને સાથે જ 2026 ગ્લાસગો ગેમ્સમાંથી કાઢી નાખવામાં આવેલી બધી રમતોનું આયોજન કરવા માટે પણ તૈયાર છે જેથી દેશના મેડલ ટેલી પર કોઈ અસર ન પડે.

સૂત્રએ જણાવ્યું હતું કે અમે 2030 કોમનવેલ્થ ગેમ્સનું આયોજન કરવા આતુર છીએ અને આ મુદ્દે કોમનવેલ્થ ગેમ્સ ફેડરેશન સાથે ઔપચારિક વાતચીત થઈ ગઈ છે. અમે 2026 કોમનવેલ્થ ગેમ્સમાંથી બાકાત રાખવામાં આવેલી બધી રમતો ભારતમાં યોજવાનો અનૌપચારિક પ્રસ્તાવ પણ મૂક્યો છે. ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સમાંથી હોકી, બેડમિન્ટન, રેસલિંગ, ક્રિકેટ અને શૂટિંગ જેવી રમતોને બાકાત રાખવાથી ભારતની મેડલની આશાને ફટકો પડ્યો છે. બજેટ કાપને કારણે ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સમાં ફક્ત દસ રમતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.સૂત્રએ કહ્યું હતું કે અમે આ પ્રસ્તાવ એટલા માટે મૂક્યો છે કે અમારા મેડલની સંખ્યા પર કોઈ અસર ન પડે. એક અનૌપચારિક દરખાસ્ત કરવામાં આવી છે અને અમે પ્રતિભાવની રાહ જોઈ રહ્યા છીએ. ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સ 23 જુલાઈથી 2 ઓગસ્ટ દરમિયાન યોજાશે. 2030માં ગેમ્સનું આયોજન કરવાથી 2036 ઓલિમ્પિક્સનું આયોજન કરવાની ભારતની આકાંક્ષાઓ વધુ મજબૂત બનશે. ભારતે 2036 ઓલિમ્પિક્સનું આયોજન કરવા માટે ઈરાદા પત્ર પહેલેથી જ સબમિટ કરી દીધો છે. ભારતમાં એકમાત્ર કોમનવેલ્થ ગેમ્સ 2010 માં દિલ્હીમાં યોજાઈ હતી.

# આજથી ઈન્ટરનેશનલ માસ્ટર્સ લીગ : પહેલી મેચ ભારત અને શ્રીલંકા વચ્ચે

**નવી** મુંબઇ, વડોદરા અને રાયપુરમાં રમાનારી સ્પર્ધામાં સચિન-યુવરાજ દાયકા પછી એકસાથે શ્રીલંકા સામે મેદાને ઉતરશે

**ઇન્ટરનેશનલ** માસ્ટર્સ લીગમાં ભારત, શ્રીલંકાની સાથે ઈંગ્લેન્ડ, ઓસ્ટ્રેલિયા, વેસ્ટઇન્ડિઝ અને દક્ષિણ આફ્રિકાનો સમાવેશ



મુંબઈ, તા. 21 : ભારતીય ક્રિકેટના દિગ્ગજ ખેલાડી સચિન તેંડુલકર અને યુવરાજ સિંહ શનિવારે પ્રથમ ઈન્ટરનેશનલ માસ્ટર્સ લીગની ઉદ્ઘાટન મેચમાં શ્રીલંકા સામે ફરી એકવાર ભારતની પ્રતિષ્ઠિત વાદળી જર્સી પહેરીને મેદાનમાં ઉતરશે. આ ટુર્નામેન્ટમાં છ ટીમો ભાગ લેશે જેમાં ભારત, શ્રીલંકા, ઓસ્ટ્રેલિયા, ઈંગ્લેન્ડ, વેસ્ટ ઈન્ડિઝ અને દક્ષિણ આફ્રિકાનો સમાવેશ થાય છે. બધી ટીમોમાં ક્રિકેટના કેટલાક મોટા સ્ટાર્સનો સમાવેશ થાય છે. આ સ્પર્ધા નવી મુંબઈ, વડોદરા અને રાયપુરમાં યોજાશે. ૧૬ માર્ચે રાયપુરમાં સેમિફાઈનલ અને ફાઈનલ મેચ રમાશે. ભારત અને શ્રીલંકા વચ્ચેના મુકાબલાઓએ વર્ષોથી ચાહકોને મંત્રમુગ્ધ કર્યા છે. સચિને કહ્યું હતું કે આપણે શ્રીલંકા સામે રમતી કેટલીક અવિસ્મરણીય ક્ષણો જોઈ છે, જેમાં 2011નો વર્લ્ડ કપ સૌથી ખાસ હતો. આટલા વર્ષો પછી મેદાન પર પાછા આવવું અને એવી ટીમનો સામનો કરવો જે આપણી ક્રિકેટ સફરનો આટલો મોટો ભાગ રહી છે, તે તેને વધુ ખાસ બનાવે છે.

# કતાર ઓપન : જીરી લેહેકાએ ક્વાર્ટર ફાઇનલમાં કાર્લોસ અલ્કારાઝને હરાવ્યો

**માટ્ટેઓ** બેરેટિની, આન્દ્રે રુબેલેવ અને જેક ડ્રેપર પણ પોતપોતાની મેચ જીતી અંતિમ ચારમાં

દોહા, તા. 21 : કતાર ઓપન ટેનિસના ટોચના ક્રમાંકિત કાર્લોસ અલ્કારાઝને 25મા ક્રમાંકિત જીરી લેહેકાએ 6--3, 3-6, 6-4થી હરાવ્યો હતો આ સાથે જ અલ્કારાઝને વર્ષની બીજી ક્વાર્ટર ફાઇનલમાં હારનો સામનો કરવો પડ્યો હતો.

સ્પેનના 21 વર્ષીય અલ્કારાઝને 2025માં ઓસ્ટ્રેલિયન ઓપન ક્વાર્ટર ફાઇનલમાં નોવાક જોકોવિચ સામે હારનો સામનો કરવો પડ્યો હતો. વિશ્વના ત્રીજા ક્રમાંકિત ખેલાડીએ આ મહિનાની શરૂઆતમાં રોટરડેમ ઓપન જીતી હતી.

મેચ પછી પ્રેસ કોન્ફરન્સમાં અલ્કારાઝે કહ્યું હતું કે મેં મારી ટીમ અને કોચ સાથે વાત કરી છે. મને ખબર નથી કે હું ક્યાં ભૂલ કરી ગયો. તે શાનદાર રમ્યો અને તેનું શ્રેય તેને જ આપવો જોઈએ.